
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મકર**

**આજના ગ્રહોની કુંડળી**




**રાત્રે સવા કલાકે ચંદ્ર મકરમાંથી કુંભ રાશિમાં આવે છે. મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલે છે. ગુરુ અને શનિ વક્રી ચાલે છે.જો જન્મના ગ્રહો બળવાન હશે તો... ચાંડાલ યોગ અંગે વિસ્તૃત જાણકારી સંદેશ પંચાગના પાના નં. ૨૭૩ પરથી મેળવી શકાશે.**

**મેષ** રાશિમાં બુધ સારો પ્રવેશ્યો છે - પરંતુ બારમે સૂર્ય શુક્રની યુતિ જીવનસાથી માટે વ્યર્થ ખર્ચા કરાવે - જેની જરૂર ન હોય તે પણ ખરીદવું પડે - સંયમ રાખશો તો સુખી થશો.

**વૃષભ** બારમે બુધ તમોને આખું જીવન લગ્નેતર સંબંધોથી પીડા કરાવે. નાણાંનો દુર્વ્યય કરાવે. સાતમે મંગળ તમારો સ્વભાવ ક્રોધી બનાવે. ઝઘડાઓમાં ફસાશો નહીં - હેરાન થશો.

**મિથુન** ત્રીજે છઠ્ઠે પાપગ્રહોની યુતિ અને દસમે શુક્ર - સૂર્યની યુતિ તેમજ અગિયારમે બુધ તમારા માટે ફાયદાકારક છે. પીડાઓ દૂર થશે - મુશ્કેલીઓ હલ થશે - શત્રુ વિજય તમો પામો.

**કર્ક** સાતમે ચંદ્ર આપને તરંગી બનાવે - બીજે પાંચમે પાપગ્રહોની યુતિ તમારી તંદુરસ્તી બગાડે નહીં તેનું ધ્યાન રાખવું - બને ત્યાં સુધી બહારનું ખાવું - પીવું નહીં - ધ્યાન રાખવું.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગ બહુ જ વિપરિત છે - છઠ્ઠે ચંદ્ર સારો છે - ચોથે શનિ - મંગળની યુતિ સારી નથી - ગુસ્સા ઉપર કાબૂ રાખશો તો ફાવશો. બાકી બંધન યોગ થાય છે.

**કન્યા** બારમે ચાંડાલ યોગ તમોને નુકસાન કારક છે. કોઈ ગેરકાયદેસર કૃત્યમાં ફસાઈના જો તેનું ધ્યાન રાખશો. બુદ્ધિ તમોને અવળું સુઝાડશે ને નુકસાનમાં ફસાશો તેથી ધ્યાન રાખશો.

**તુલા** સાતમા સ્થાનમાં બુધનો પ્રવેશ તમો માટે ફાયદાકારક છે. રાશિપતિ ઉચ્ચનો છઠ્ઠે થાય છે માટે તમોને ચોથે ચંદ્રનો પણ લાભ મળી રહેશે. ફાયદાકારક દિવસ છે.

**વૃશ્ચિક** રાશિપતિ રાશિમાં પ્રબળતા પ્રાપ્ત કરી રહ્યો છે જેથી વક્રી શનિ તમારા સ્વાસ્થ્ય માટે હવે હાનિકરાક રહ્યો નથી - બુધ મેષનો થતાં તમારી તંદુરસ્તી સારી વધશે - દિવસ સારો જશે.

**ધન** બારમે શનિ મંગળની યુતિ આપની પાસે કોઈ ગેરકાયદેસર કૃત્ય ના કરાવે તેની સાવધાની રાખવી - બીજે ચંદ્રનો યોગ સારો છે. અચાનક ધન લાભ થઈ શકે છે - વારસારૂપે.

**મકર** રાશિમાં ચંદ્ર તમારી કલ્પના શક્તિના જોરે તમારી પાસે આજે નવું સાહિત્ય સર્જન કરાવી શકે. કૌટુંબિક જીવન સારું જશે. જીવનસાથી આનંદમાં રહેશે. દિવસ ફાયદાકારક જશે.

**કુંભ** સાતમે ચાંડાલ યોગ જીવનસાથીની તબિયત બગાડે - વિખવાદ કરાવે - જેટલો સંયમ રાખશો તેટલી શાંતિ કુટુંબમાં જળવાઈ રહેશે. બાકી વિખવાદો વધશે.

**મીન** રાશિમાં ઉચ્ચના શુક્રની સૂર્ય સાથે યુતિ તમારું અંગત જીવન આનંદમય બનાવે. ચિંતાના આવેલ આવરણો દૂર થઈ જશે. દિવસ સારો જશે - અસ્તુ !

## રિયલ વ્યુ

● અનુસંધાન છઠ્ઠાનું ચાલુ

કરવો પડે છે. યુવા યુગલમાં ઘરમાં કિસીંગ કેટલું સ્વાભાવિક હોય એ પણ આર. બાલ્કીએ થોડા અતિરેકની હદે નિરુપ્યું છે. કયાંક વાચ્યું હતું કે કરિના કપૂર ખાનના કિસીંગ સીન્સ સામે સૈફ અલી ખાનનો અણગમો વાજબી લાગે એવું છે...!!! હા.. હા.. હા..!

'કી એન્ડ કા' - નામમાં જેટલું વૈવિધ્ય છે એટલું જ ફિલ્મના વિષયવસ્તુમાં અને માવજતમાં છે. ઑફબીટ - મનોવૈજ્ઞાનિક ફિલ્મ જોવાની ઈચ્છા હોય તો આ ફિલ્મ અચૂક જોવા જેવી છે. ચીલાચાલુ - મનોરંજક - મસાલા ફિલ્મ જોવાની ઈચ્છા હોય તો નિરાશ થશો... કંટાળશો... અને હા, આ ફિલ્મ જોયા પછી તમારા પત્નીની કે ગર્લફ્રેન્ડની તમારા પ્રત્યેની અપેક્ષાઓ વધી જાય તો કહેતા નહીં કે ચેતવ્યા નો'તા ... કારણ કે પ્રત્યેક સ્ત્રીને થશે, 'મારે પણ એક 'કા' હોય...!!!'



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણ મુવાડા વિસ્તારની મોચીયાની મુવાડી તથા ભકતોના મુવાડાની શાળાના તમામ બાળકોને ૧૦ પ્રકારની વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું. જેમાં ફુટપટ્ટી, વોટરબેગ, કમ્પાસ, નાસ્તાનો ડબ્બો, કલર, ચિત્ર દોરવાની ચોપડીઓ, ચપ્પલ, કોપરેલ, નોટબુક, પેન્સિલ સહિતની વસ્તુઓનું વિતરણ કરાયું હતું. આ સમગ્ર વસ્તુઓનું વિતરણ ઉમિયા કોલેજ સોલાની વિદ્યાર્થીનીઓએ કર્યું હતું. આ વિતરણની વ્યવસ્થા સમિતિના અતુલભાઈ અને મિલિન્દભાઈએ કરી હતી. આ વિતરણ દરમિયાન શિક્ષકો અને પંચાલભાઈ હાજર રહ્યા હતા.

# વર્લ્ડ સ્કૂલ ટેબલ ટેનિસ સ્પર્ધા માટે ભારતીય ટીમોના ચીફ ગુજરાતી

તા. ૨-૪-૨૦૧૬ થી તા. ૮-૪-૨૦૧૬ દરમિયાન ઈલાત (ઈઝરાયેલ) ખાતે વર્લ્ડ સ્કૂલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ ૨૦૧૬નું આયોજન થનાર છે. સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આ સ્પર્ધામાં ભાગ લેનાર ભારતીય ટેબલ ટેનિસ ટીમોના ચીફ-ડી-મિશન તરીકે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના મુખ્ય કોચ તનસુખ છાટબારની વરણી કરવામાં આવેલ છે. ભારતીય ટીમનો કોચીંગ કેમ્પ હાલમાં લખનઉ ખાતે ચાલી રહ્યો છે. ભારતીય ટીમ તા. ૧લી એપ્રિલના રોજ ઈઝરાયલ જવા રવાના થઈ રહી છે. તનસુખ છાંટબાર ભાવનગર જિલ્લાના વતની છે અને છેલ્લા ૩૫ વર્ષથી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતમાં સેવા આપી રહેલ છે. તેમણે તેમના કોચીંગ કાર્યકાળ દરમિયાન ગુજરાત રાજયમાંથી ઘણા રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ તૈયાર કરેલ છે. તેમણે લીંબડી, અમરેલી, હિંમતનગર તથા ભાવનગર મુકામે સિનીયર કોચ તરીકે ખુબ જ કુશળ અને કુનેહપૂર્વક પ્રસંશનીય કામગીરી બજાવેલ છે. તેઓ મુખ્ય કોચના હોદ્દાની રૂએ પ્રસંશનીય કામગીરી બજાવી રહ્યા છે. સ્કૂલ ગેમ્સ ફેડરશન ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન કલકત્તા ખાતે યોજાયેલ ૬૧મી અખિલ ભારતીય શાળાકીય સ્વીમીંગ અને ડાયવીંગ સ્પર્ધા માટે તનસુખ છાટબારની ઓબ્ઝર્વર તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી.

# જાલેટીની સગીરાને ગામનો જ યુવક ભગાડી જતા ફરિયાદ

વિજયનગર તાલુકાના જાલેટી ગામનો યુવક ગામની જ ૧૭ વર્ષીય સગીરાને લગ્ન કરવાના ઈરાદે ગત બુધવારે ભગાડી ગયો હતો. જેણે તેના સાથી મિત્રએ સગીરાની માતા તથા પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપતા સગીરાની માતાએ બને ઈસમો વિરૂધ્ધ ચિઠોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ગામની ૧૭ વર્ષીય સગીરાને ગામના જ બોડાત મિલનભાઈ પ્રકાશભાઈએ તેના મિત્ર સાંજાજી રામજી બોડાતની મદદગારીથી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયો હતો.

# કોંગ્રેસના કાર્યકારી પ્રદેશ પ્રમુખ તરીકે રાઘવજી પટેલની શક્યતા

ગાંધીનગર, તા. ૨

પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ તરીકે સૌરાષ્ટ્રના પાટીદાર આગેવાન અને જામનગર ગ્રામ્યના ધારાસભ્ય રાઘવજી પટેલની નિમણુંક કરવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તરીકે ભરતસિંહ સોલંકીની નિમણુંક એક વર્ષ અગાઉ કરવામાં આવી હતી. હજુ તેમના કાર્યકાળ પુરો થવાને ઘણી વાર છે. પરંતુ હાલમાં તેમની નાદુરસ્ત તબીયતને કારણે તેઓ વિદેશમાં હોવાનું કોંગ્રેસ વર્તુળો પાસેથી જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતની વર્તમાન રાજકીય પરિસ્થિતિ ઉપરાંત પાટીદાર અનામત આંદોલન સહીતની બાબતોને ધ્યાનમાં રાખી અને વર્તમાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહની નાદુરસ્ત તબીયતને ધ્યાને રાખીને કોંગ્રેસ મોવડીમંડળે થોડા સમય માટે કાર્યકારી પ્રદેશ પ્રમુખ નિમવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે.

ભરતસિંહની નાદુરસ્ત તબીયતને કારણે પક્ષના કાર્યક્રમો હાલ મંદ પડી ગયા છે. આ પરિસ્થિતિમાં હવે ગુજરાત વિધાનસભા ચૂંટણી આડે હવે માત્ર દોઢથી બે વર્ષનો જ સમય બાકી રહ્યો હોઈ કોંગ્રેસ મોવડીમંડળે ટુંક સમયમાં જ કાર્યકારી પ્રદેશ પ્રમુખ નિમવાનો નિર્ણય લીધો છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કાર્યકારી પ્રદેશ પ્રમુખ તરીકે ધારાસભ્ય રાઘવજી પટેલનું નામ નિશ્ચિત મનાઈ રહ્યું છે અને આ અંગે ટુંક સમયમાં જ કોંગ્રેસ મોવડીમંડળ નિર્ણય લઈને સત્તાવાર જાહેરાત કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# ભાજપ પ્રદેશ કારોબારીની પ્રથમ બેઠક સોમવારે થશે

## આજે પ્રદેશ હોદ્દેદારોની પ્રથમ બેઠક : સ્વરૂપ અને તૈયારીને આખરી ઓપ આપવામાં આવશે : અન્ય ઘણા મુદ્દા છવાશે

અમદાવાદ, તા. ૨

ભાજપ પ્રદેશ કારોબારીની પ્રથમ બેઠક સોમવારે મળનાર છે જેમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. પ્રદેશ સંગઠન રચનાનું કાર્ય પૂર્ણ થયા બાદ આ બેઠક મળી રહી છે. ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું છે કે, પ્રદેશ સંગઠન રચનાનું કાર્ય પૂર્ણ થયા બાદ પ્રદેશની પ્રથમ કારોબારી આગામી ૪ એપ્રિલને સોમવારના રોજ પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રદેશ પ્રભારી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ.દિનેશજી શર્મા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરષોત્તમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં મળશે. પ્રદેશ કારોબારી અગાઉ આવતીકાલે એટલે તા. ૩ એપ્રિલ રવિવારના રોજ બપોર ૩.૦૦ કલાકે પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ હોદ્દેદારોની પ્રથમ બેઠક યોજાશે અને તેમાં પ્રદેશ કારોબારીના સ્વરૂપ અને તૈયારીને આખરી ઓફ આપવામાં આવશે તથા સંગઠનાત્મક બાબતોની ચર્ચા વિચારણ હાથ ધરાશે.

પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે યોજાનારી પ્રથમ પ્રદેશ કારોબારીની વિગતો આપતાં ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, ૪ એપ્રિલે યોજાનાર પ્રથમ પ્રદેશ કારોબારીમાં રાજકીય પ્રસ્તાવ અને રાજય અને કેન્દ્ર સરકારને અભિનંદન પ્રસ્તાવ એમ કુલ બે પ્રસ્તાવ રજુ કરવામાં આવશે. આ ઉપરાંત ૬ એપ્રિલ ભાજપ સ્થાપના દિવસ નિમિત્તે ગુજરાતમાં ૧૮ સ્થાનો ઉપર યોજાનાર ભારત માતા ગૌરવ કુચના કાર્યક્રમ સહિત સંગઠનાત્મક બાબતોની ચર્ચા વિચારણ કરવામાં આવશે. પ્રદેશની કારોબારીમાં પ્રદેશ હોદ્દેદારો પ્રદેશ કારોબારી સભ્ય, આમંત્રિ સભ્ય, વિશેષ આમંત્રિત સભ્ય જીલ્લા પ્રભારી મોરચાના અધ્યક્ષ, સેલના કન્વીર, જીલ્લા મહાનગરના પ્રમુખ મહામંત્રીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખસ, રાષ્ટ્રીય મોરચાના પદાધિકારીઓ અને રાષ્ટ્રીય સેલના સંયોજક સહસંયોજક વિશેષ ઉપસ્થિત રહેશે.

# ઉચ્ચ શિક્ષણ પરિષદ રચનાથી યુનિવર્સિટી અખાડા બની જશે : ડૉ. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૨

ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળાઓથી લઈ કોલેજો સુધી પોતાનું રાજકીય આધિપત્ય પ્રસ્થાપિત કરવાનાં પ્રયાસો કરનાર ભાજપ સરકારે ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના કરવાનો નિર્ણય લઈ ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓને મૃતઃપ્રાય કરવાનો કારસો ઘડ્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે આ બાબતે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, ભાજપ સરકાર આ પરિષદ મારફતે રાજયની યુનિવર્સિટીઓને રાજકીય અખાડાઓમાં ફેરવવા સાથે કેન્દ્રની એનડીએ સરકારની જેમ જ શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓમાં આરએસએસનું સામ્રાજ્ય સ્થાપવા માંગે છે. જેનો રાજયપાલને આવેદનપત્ર આપી ઉગ્ર વિરોધ કરવામાં આવશે.

કોંગ્રેસ પક્ષના પ્રદેશ પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે ભાજપ સરકાર દ્વારા ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના કરવા માટે ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષની ગેરહાજરીમાં બિલ પસાર કરી લેવાયેલાં નિર્ણયને શિક્ષણજગત માટે ખુબ જ દુર્ભાગ્યપૂર્ણ જણાવ્યો છે. તેમણે જણાવ્યું છે કે, આ પરિષદને આપવામાં આવેલી અમાપ સત્તાઓ પોતાના હાથમાં લઈ લીધી છે. આ પરિષદનાં અધ્યક્ષ મુખ્યમંત્રી તથા ઉપાધ્યક્ષ અને સહઉપાધ્યક્ષ મંત્રીઓને રાખી ભાજપ સરકારે તેમાંથી શિક્ષણવિદોની બાદબાકી કરીને માત્ર રાજકીય દ્રષ્ટિકોણ અપનાવ્યો છે. આ પરિષદને રાજયની ખાનગી અને સરકારી એમ તમામ યુનિવર્સિટીઓ ઉપર અંકુશ રાખવાની મળેલી અમાપ સત્તાઓમાં કુલપતિઓનાં અધિકારોને સુપરસીડ કરવામાં આવશે. આમ, અત્યાર સુધી મોટાભાગે રાજકીય રીતે કરવામાં આવતી નિમણૂકોમાં હવે, કુલપતિઓને પણ આ સરકારની રાજકીય કઠપુતળી બનીને રહેવું પડશે. ડૉ.હિમાંશુ પટેલે વધુમાં જણાવ્યું છે કે, ભાજપ સરકાર આ પરિષદની ભલામણોના આધારે કે પોતાની રીતે હવે કોઈપણ યુનિવર્સિટીને ગમે તેવા સુધારા કરવા અને તેનો કડક અમલ કરવા આદેશો કરી શકશે.

આ ઉપરાંત રાજયનાં પ્રવર્તમાન કાયદાઓ કે તેની જોગવાઈઓ વૃદ્ધ પણ આ યુનિવર્સિટીઓને પાલન કરવું પડશે. આ પરિષદ દ્વારા હવે યુનિવર્સિટીઓનાં અભ્યાસક્રમો તૈયાર કરવાથી લઈ તેની પુનઃરચના કરવા સુધીની જોગવાઈ કરવામાં આવી છે. જેના પરિણામે કેન્દ્રની ભાજપનાં નેતૃત્વવાળી એનડીએ સરકારની જેમ ગુજરાતમાં પણ રાજય સરકાર શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓમાં આરએસએસ જેવી સંસ્થાઓનું સામ્રાજ્ય સ્થાપી તેમની વિચારધારાનો અમલ કરાવશે. પરિણામે દરેક યુનિવર્સિટીઓએ ભાજપ અને તેની ભગિની સંસ્થાઓએ સુચવેલા વૈચારિક અભ્યાસક્રમો તેમજ સંશોધનો શરૂ કરવા પડશે. ગુજરાતમાં પ્રાથમિકથી લઈ ઉચ્ચ શિક્ષણ સુધી રાજકીય પગપેસારો કરી સમગ્ર શિક્ષણ તંત્રની ઘોરખોદી નાંખનાર ભાજપ સરકાર આ પરિષદની રચના કરી તમામ યુનિવર્સિટીઓને મૃતઃપ્રાય કરી નાંખશે. છેલ્લી વીસ વર્ષથી શિક્ષણના નામે વેપલો કરી વિદ્યાર્થીઓ અને વાલીઓનું અહિત કરનાર ભાજપ સરકારે રાજયમાં શિક્ષણની ચિંતા કરનાર શિક્ષણવિદોને પણ હાંસિયામાં ધકેલી દીધા છે. ત્યારે ઉચ્ચ શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ ઉપર સંપૂર્ણપણે સરકારી નિયંત્રણ લાદી ભાજપ સરકારે શિક્ષણ સંસ્થાઓને રાજકીય અખાડાઓનાં ફેરવવાનો આઘાતજનક અને દુર્ભાગ્યપૂર્ણ નિર્ણય કર્યો છે. આ પરિષદનો ઉચ્ચ શિક્ષણનાં તમામ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણવિદો દ્વારા વિરોધ કરી જરૂર પડે આંદોલન પણ કરવામાં આવશે.

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

પરિસ્થિતિમાં જ સક્રિય થઈને આપણી ઉપર હાવી થઈ જતો હોય છે. તેથી આવી વિપરિત પરિસ્થિતિને સમજીને મન - બુદ્ધિને શાંત રાખીને વિચારવું જોઈએ. શક્ય છે કે ઘરમાં, ઓફિસમાં, કંપનીમાં, સંસ્થામાં કે સમાજમાં અમૂક વ્યક્તિઓ ગુસ્સાની જ ભાષા જ સમજે છે. પરંતુ સામેની વ્યક્તિને ક્રોધની ભાષામાં સમજાવતા જતા આપણે નુકશાન તો આપણું જ કરીએ છીએ. વળી દરેક જગ્યાએ દરેક પરિસ્થિતિમાં ક્રોધ કરીને વિજય મેળવવો એ પણ સત્ય નથી. કેમ કે ક્રોધથી બે ચાર પાંચ વખત આપણે શક્તિશાળી સાબિત થઈ શકીએ છીએ. વિજય મેળવી શકીએ છીએ. પણ આ વિજયને કારણે આપણે આપણી સામેની આપણી પોતાની વ્યક્તિનો પ્રેમ, આદર અને વિશ્વાસ ખોઈ બેસીએ છીએ. અંતે ક્રોધનું પરિણામ તો હાર જ છે. નાની કે મોટી જીત હંમેશાં પ્રેમ - વિશ્વાસથી જ મેળવી શકાય છે. એટલે તો મહાભારતમાં શ્રીકૃષ્ણ ક્રોધી અને અહંકારી દૂર્યોધનને પક્ષ નહી પણ શાંતિ - સૌમ્ય અને પ્રેમાળ અર્જૂનને પક્ષે રહ્યા હતા.

ક્રોધી વ્યક્તિ બહારથી ખુબ જ ભક્તિવાન અને શાંત હોવાનો દંભ, આડંબર રચતી જોવા મળે છે. તેઓ વધુ પૂજા પાઠ તિલક વધુ કરે છે. પરંતુ આ પૂજા પાઠ તો મનને આત્માને શુદ્ધ કરવાની એક ક્રિયા માત્ર છે. અને જ્યા સુધી મનમાં - આત્મામાં જ વિકારો હોય ત્યાં સુધી વ્યક્તિની કોઈ પૂજા કે પ્રાર્થના ઈશ્વર સુધી કેવી રીતે પહોંચી શકે? કેમ કે ઈશ્વરની હયાતિની પહેલી શરત છે શુદ્ધ અને સાત્વિક મન, હદય અને જે મન હદયમાં ક્રોધ વસે છે ત્યાં કામ, મોહ, મદ, લોભ, માયા અને અહંકાર જેવા દુષિત મનોવિકારો વસતા હોય છે. અને એ બધા અજાગ્રત મનમાં હોય છે. વ્યક્તિને એની ખબર પણ નથી હોતી. તેથી ક્રોધી વ્યક્તિ ગમે તેટલી પૂજા ભક્તિ કરે તેનું કોઈ ઔચિત્ય નથી હોતું. એટલે જ ક્રોધ એ મનુષ્યની બધી ભક્તિ બધુ પૂણ્ય એક ક્ષણમાં ખતમ કરી નાખે છે. પૂજા, ભક્તિ, સદભાવ, પ્રેમ, સંવેદનશીલતા, લાગણી આ બધું મેળવેલી પ્રતિષ્ઠા જેવું હોય છે. જે લોકો પાસેથી મેળવતા વર્ષોના વર્ષો વિતી જાય છે. જ્યારે ક્રોધ એ નેગેટિવ ભાવ "બદનામી" જેવો છે. જે માત્ર બે ક્ષણમાં જ આપણી ઉપર હાવી થઈને આપણી વર્ષોની પ્રતિષ્ઠા બગાડી શકે છે. અને તેથી જ હું તો કહું છું કે જે વ્યક્તિ પોતાના ક્રોધ ઉપર સંયમ રાખી શકે છે એણે ઈશ્વરની પૂજા ભક્તિ કરવાની કોઈ જરૂર નથી. ક્રોધ પર વિજય મેળવે એ જ સાચો મનુષ્ય, શુદ્ધ મનુષ્ય અને ઈશ્વર આપોઆપ એના હદયમાં બિરાજે છે. તો આવો, આપણે સૌ ક્રોધ મૂક્ત થઈને આપણા પરિવારને સમાજને અને દેશને પ્રેમ - લાગણી અને સંવેદનાથી છલકાવી દઈએ.

- 9426060601.india@gmail.com

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

બોલર પાસેથી તો કોઈ કેપ્ટનને આવી આશા નાં જ હોય ..!!

એની વે ... પાકિસ્તાનને હરાવ્યું ત્યારે જ આપણો વર્લ્ડકપ પૂરો થઈ ગયેલો એવા ઠાલા આશ્વાશાનો સાથે સતત બીજી વાર વર્લ્ડ કપમાંથી બહાર થયેલી ભારતીય ટીમની ૩૧મિ માર્ચે કરાયેલી ઠીકઠાક બોલિંગનો રોષ તો હમણા ૯મીથી શરુ થતા આઈપિએલ સાથે જ ગુમ થઈ જવાનો પણ આ વર્લ્ડકપમાં ભારતે જો કોઈ આશ્વાશન લેવાના હોય તો એ છે - એક તો વિરાટ કોહલીની જબરદસ્ત બેટિંગ અને બીજું છે બુમ્રાહ અને નેહરાની શાનદાર બોલિંગ . અને એમાયે એક ગુજરાતી તરીકે બુમ્રાહની શાનદાર સફળતા પર ગર્વ લેવો જ રહ્યો . ઓર્થોડોક્ષ બોલિંગ સ્ટાઈલ સાથે પરફેક્ટ યોર્કર નાખતો આ અમદાવાદી યુવાન આ વર્લ્ડ કપમાં ભારતને મળેલો લાંબી રેસનો એક જાનદાર બોલર છે એમાં કોઈ શંકાને સ્થાન નથી . સેમી ફાઈનલમાં બુમ્રાહની બોલિંગ માં લાગેલા બે છક્કા સિવાય આખીયે ટુર્નામેન્ટમાં એની બોલીંગમાં કોઈ સિક્સ નહોતું મારી શક્યું ...!!! વેલ બોલ્વ્ડ બુમરાહ....!!! બેટર લક નેક્સ્ટ ટાઈમ ઈન્ડિયા...!!!

- akurjt@gmail.com

## ટિકિટ વાંચ્છુઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિરીક્ષકો દ્વારા હાથ ધરવામાં આવશે. ગાંધીનગર મહાનગર પાલિકામાં આ વખતે બન્ને પક્ષો દ્વારા મોટા માથાઓને મેદાનમાં ઉતારી અને જંગને રોચક બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. બન્ને પક્ષો દ્વારા ઉમેદવારી પસંદગી અંગે હાલ તો તેમના કાર્ડ છાતી સરખા રાખ્યા છે.

ઉમેદવારોની પસંદગીની કોંગ્રેસની પહેલી યાદી ૭મીએ જાહેર થાય તેવી શક્યતાઓના નિર્દેશ મળી રહ્યા છે. કોંગ્રેસ પક્ષ આ વખતે તમામ બાબતોને ધ્યાને રાખી પસંદગીની પ્રક્રિયામાં આગળ વધશે તેમજ સર્વ જ્ઞાતિઓને સાથે રાખી સંતુલિત પસંદગીનો અભિગમ અપનાવશે તેમ જાણવા મળેલ છે.

ટચૂકડી જાહેર ખબર
Gujarati
DJ
Keval Rawal
M : 9276837544

## ફાઈનલ જંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે મોટી સંખ્યામાં લોકો પહેલાથી જ ટિકિટ બુક કરાવી ચુક્યા છે. આવી સ્થિતીમાં આ મેચ હાઉસફુલની સ્થિતી વચ્ચે જ રમાનાર છે.આ ડ્રીમ ફાઈનલમાં બન્ને ટીમના સ્ટાર ખેલાડી જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. વિન્ડીઝ બીજી સેમીફાઈનલમાં યજમાન ભારત પર જીત મેળવી લીધા બાદ હવે ફેવરીટ તરીકે છે.

ભારત સામે વિન્ડીઝના બેટ્સમેનોએ ચેમ્પિયન જેવી બેટિંગ કરી હતી. ક્રિસ ગેઈસ,સિમોન્સ, આંદ્રે રસેલ અને ચાર્લ્સ તેમજ માર્લોન સેમ્યુઅલ ધરખમ દેખાવ કરવા માટે તૈયાર છે. ભારત સામે જીત બાદ તેમના ખેલાડીઓનો આત્મવિશ્વાસ આસમાને છે. કિલર તરીકે ઉભરેલી ટીમ જોરદાર દેખાવ કરીને બીજી વખત ટ્વેન્ટી કપ જીતમા માટે તૈયાર છે. આ મેચનુ પ્રસારણ કોલકત્તાથી સાંજે સાત વાગ્યાથી કરવામાં આવનાર છે. મેચની તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

બીજી બાજુ ઈંગ્લેન્ડ પણ ફેવરીટ ગણાતી ન્યુઝીલેન્ડ પર સરળરીતે જીત મેળવી ફાઈનલમાં પહોંચી ગયુ છે. તે પ્રથમ વખત ચેમ્પિયન બનવા માટે તૈયાર છે. એકબાજુ વિન્ડીઝે ભારત પર બીજી સેમીફાઈનલમાં સાત વિકેટ જીત મેળવી હતી. જ્યારે પ્રથમ સેમીફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડ પર સાત વિકેટે જીત મેળવી હતી.

પોત પોતાની સેમીફાઈનલ મેચમાં બન્ને ટીમોએ સાત સાત વિકેટે જીત મેળવી હતી. કોલકત્તાના ઈડન ગાર્ડન સ્ટેડિયમ ખાતે વિન્ડીઝ અને ઈંગ્લેન્ડ વચ્ચે ફાઈટ ટુ ફિનિશ જંગ ખેલાનાર છે. બન્ને ટીમોની પ્રતિષ્ઠા દાવ પર લાગી ગઈ છે. આ મેચને લઈને માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં ભારે ક્રિકેટ ક્રેઝ જોવા મળી રહ્યો છે.

## જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૧૬-૨૦૧૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬, દ્વારા વિજળીકરણને લગતા ૩ કામ જેની અંદાજીત કિંમત રૂ. ૭૬૩૫૬.૦૦ થી રૂ. ૯૩,૬૨૭.૦૦ સુધીની છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવેલ છે. કોરા ટેન્ડર પરત મેળવવાની તા. ૧૩/૪/૨૦૧૬ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૪/૨૦૧૬-૧૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ